## હાલાકીની હારમાળા, આકરા તાપમાં માલિકની જગ્યા રોકતી બેગ, કોરોનાની યાદ આવી ગઈ



દિવાળીના તહેવારો સ્વજનો સાથે ઉજવવાનો ઊમળકો હૈયે હોય, ત્યારે અનેક દિવસોનો સામાન, સ્વજનો માટેની ગિફ્ટ સહિત ઘણું બધું બેગમાં ભરીને સુરતમાં રહેતાં પરપ્રાંતિય શ્રમજીવીઓ માદરે વતનની વાટ પકડે છે. જો કે વતનનો મારગ કાંટાળો સાબિત થાય છે. અપૂરતી ટ્રેનોને પગલે વતનવાંચ્છુ ગરીબડાઓએ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે, ટ્રેનમાં જગ્યા મેળવવા કલાકો પહેલાથી લાઈનમાં ઊભા રહેવું પડે છે. ઉધના રેલવે સ્ટેશને હાલમાં આવી જ દયનીય સ્થિતિનું નિર્માણ થયું છે. અલબત્ત વજનમાં ભારે ભરખમ આ બેગ પોતાના માલિકોનો થોડો ભાર હળવો કરતી જોવા મળી. ભરતડકે મુસાફરોએ ટ્રેનમાં જગ્યા માટે જાતે લાઈનમાં ઉભા રહેવાને બદલે બેગને જવાબદારી સોંપી દીધી હતી. ઓછી ટ્રેનોની ગંભીર સમસ્યા આ તસવીર તાદૃશ કરે છે. સાથે જ આ તસવીરે કોરોનાની સ્થિતિ પણ સ્મૃતિપટ પર રમતી કરી દીધી છે, જ્યાં ડિસ્ટન્સના આગ્રહમાં લોકો લાઈનમાં જાતે ઉભા રહેવાને બદલે પોતાના બૂટ-ચંપલ કે સામાન લાઈનમાં મુકી દેતાં હતાં. **(તસવીરઃ હેમંત ડેરે)**

# રેલવેની જાહેરાત છતાં મુસાફરોને ઉધના સ્ટેશને પ્રવેશવા ન દીધા

**સુરતથી** ટ્રેન ફૂલ થઈ, નવી ટ્રેન ઉધનાથી દોડશે એવી જાહેરાત કરી

**પ્રવાસીઓ** સુરત સ્ટેશનેથી રિક્ષામાં ઉધના સ્ટેશને પહોંચ્યા, પરંતુ સ્ટેશન પરિસરમાં પ્રવેશવા ન દીધા, સાંજે પ્રવેશ અપાયો

### વધારે સામાન અને ડ્રમ નહીં લઈ જવા રેલવેની અપીલ

ઓરીસા, બિહાર, ઉત્તર પ્રદેશ કે પશ્ચિમ બંગાળના મોટાભાગના શ્રમજીવીઓ સુરતમાં રહે છે. તેઓ વતન જાય ત્યારે અહીંથી ઘણો સામાન પણ લઈ જતા હોય છે. કારણ કે સામાણ પણ તેમના રાજ્યમાં મોંઘો મળે છે. જેમાં મોટા ડ્રમ અને મોટી પેટીઓનો પણ સમાવેશ થાય છે. રેલવે તંત્રએ પ્રવાસીઓને અપીલ કરી છે કે પેટી કે ડ્રમ જેવા સામાન પ્રવાસીઓ સાથે ન લઈ જાય.

સુરતઃ સુરતથી ઓરીસાના બ્રહ્મપુર જતી ટ્રેન સુરત સ્ટેશને ફુલ થઈ ગયા બાદ સુરત રેલવે સ્ટેશનેથી જાહેરાત કરવામાં આવી હતી કે સાંજે ઉધનાથી ટ્રેન દોડાવવામાં આવશે. તેથી પ્રવાસીઓ સુરત સ્ટેશનેથી રિક્ષા કરીને ઉધના સ્ટેશને આવ્યા પરંતુ સાંજની ટ્રેન હોવાથી પ્રવાસીઓને સ્ટેશન પરિસરમાં પણ પ્રવેશવા દીધા નહતા.

આ વર્ષે રેલવેએ સૌથી વધુ ટ્રેનો ઉત્તર પ્રદેશ અને બિહાર માટે ચલાવી છે. ઓરીસા માટે વધારાની માત્ર બે ટ્રેનો દોડાવવાની જાહેરાત કરી છે. જેમાં ગતરોજ સવારે સુરતથી બ્રહ્મપુર માટે સ્પેશિયલ ટ્રેન હતી. તે માટે સોમવાર રાત્રિથી પ્રવાસીઓ સુરત રેલવે સ્ટેશને પહોંચી ગયા હતા. સવારે લાઈનમાં પ્રવાસીઓને ટ્રેનમાં બેસાડવામાં આવ્યા હતા. છતાં પણ હજારો પ્રવાસીઓ રહી ગયા હતા. પ્રવાસીઓએ બૂમાબૂમ કરતાં સુરત રેલવે સ્ટેશન પર જાહેરાત કરવામાં આવી કે સાંજે ઉધના સ્ટેશનેથી ઓરીસા માટે ટ્રેન દોડાવવામાં આવશે. તેથી પ્રવાસીઓ ઉધના સ્ટેશને દોડ્યા હતા. પરંતુ અહીં પહેલાથી ટ્રેનોના પ્રવાસીઓ હોવાથી ઓરીસાના પ્રવાસીઓને રેલવે પરિસરમાં પ્રવેશવા પણ દેવામાં આવ્યા ન હતા. સાંજે પરિસરમાં પ્રવેશવા દેવામાં આવ્યા હતા.

# અમરોલી-વરિયાવમાં રેલવેની ૧૧ પેન્ડ્રોલ ક્લિપ્સની ચોરીમાં એકની ધરપકડ

**રેલવે** ટ્રેકની પેન્ડ્રોલ ક્લિપ્સ ચોરી કરવાની ઘટનાને પગલે વધુ એક વખત રેલવે તંત્ર દોડતું થયું

### ટ્રેન ઉથલાવી પાડવાના ષડયંત્ર

થોડા સમય પૂર્વે જ કીમ ખાતે ટ્રેન ઉથલાવી પાડવાના ષડયંત્રમાં રેલવેમાં જ ફરજ બજાવતાં બે કર્મચારીની ધરપકડ કરવામાં આવી છે. પ્રસિદ્ધિ અને એવોર્ડ મેળવવાના ચક્કરમાં રેલવેના કર્મચારીઓ દ્વારા જે કૃત્ય આચરવામાં આવતા ભારે હોબાળો મચી ગયો હતો. પ્રારંભમાં આતંકવાદી ષડયંત્રના ભાગરૂપે ઘટના અંગે તપાસમાં જોતરાયેલી પોલીસ દ્વારા ગણતરીના દિવસમાં જ રેલવેના બંને આરોપીને ઝડપી પાડ્યા હતા.

સુરતઃ અમરોલી-વરિયાવ ખાતે રેલવે ટ્રેકની પેન્ડ્રોલ ક્લિપો ચોરી કરવાની ઘટનાને પગલે વધુ એક વખત રેલવે તંત્ર દોડતું થઈ ગયું છે. સમગ્ર ઘટના અંગે રેલવેના વહીવટી તંત્ર દ્વારા પોલીસમથકે ફરિયાદ નોંધાવાતાં પોલીસે અત્યંત ગંભીર ઘટનામાં તપાસ હાથ ધરતાં એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે.

અમરોલી-વરિયાવ વચ્ચે આવેલી એલસી નં.૭ કિ.મી. ૫/૭-૯ રેલવે ટ્રેક લાઈન પર ચારેક ઈસમ દ્વારા ૧૧ જેટલી પેન્ડ્રોલ ક્લીપ ચોરી કરવામાં આવી હતી. એ દરમિયાન ત્યાંથી રેલવેના પૂર્વ કર્મચારી અને હાલમાં કૃભકોમાં ફરજ બજાવતા રવિન્દ્ર ગૌસ્વામીની નજર આરોપીઓ પર પડતાં તેમણે તાત્કાલિક અન્ય રેલકર્મીઓની મદદથી એક આરોપીને ઝડપી પાડ્યો હતો. જ્યારે અન્ય ત્રણ નાસી છૂટ્યા આરોપી તહેજીબ આલમ યાસીન શેખની પૂછપરછ કરતાં તેણે ક્લીપ્સ ચોરી કરી હોવાનું જણાવતાં કહ્યું હતું કે, તેને ક્લીપ ચોરી કરવાને કારણે ટ્રેન ઉથલી જાય તેવી કોઈ આશંકા ન હોતી. જો કે, પ્રાથમિક તપાસ દરમિયાન પોલીસ દ્વારા નાસી છૂટેલા અન્ય ત્રણેય આરોપીને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

# મોદી આજે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પણ કરશે

**ભારતીય** વાયુસેનાનું સૂર્યકિરણ ફ્લાયપાસ્ટ આકર્ષણ જમાવશેઃ પૂર્વસંધ્યાએ વડાપ્રધાને એકતા નગર ખાતે રૂ.૨૮૪ કરોડથી વધુના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું

ગાંધીનગરઃ આવતીકાલે 31 ઓક્ટોબરે પીએમ નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે અને સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરશે, એટલું જ નહીં એકતા પરેડની સલામી ઝીલશે. વિશેષ આકર્ષણોમાં NSGની હેલ માર્ચ ટુકડી, BSF અને CRPFના મહિલા તેમજ પુરુષ બાઈકર દ્વારા સાહસિક પ્રદર્શન, ભારતીય વાયુસેના દ્વારા સૂર્ય કિરણ ફ્લાયપાસ્ટ વગેરેનો સમાવેશ થાય છે.

31 ઓક્ટોબરે વડાપ્રધાન રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે સવારે 7.15 કલાકે પુષ્પાંજલિ અર્પણ કરશે અને સરદાર પટેલને શ્રદ્ધાંજલિ આપશે. આ પછી તેઓ 7:30 વાગ્યે પરેડ ગ્રાઉન્ડ પર એકતા પરેડમાં સામેલ થશે અને રાષ્ટ્રને સંબોધન કરશે, સવારે 10 વાગે તેઓ દિલ્હી જવા રવાના થશે.

આજે સાંજે પ્રકાશપર્વ દિવાળી અને દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની પૂર્વ સંધ્યાએ પીએમ નરેન્દ્ર મોદીએ એકતા નગર ખાતે રૂ. ૨૮૪ કરોડથી વધુના વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું.

# હળપતિ, આદિજાતિના 5000 બાળકો સાથે વનમંત્રીએ દિવાળી ઉજવી

**ગુજરાતમાં** સૌ પ્રથમ વખત રાજ્યમંત્રી મુકેશ પટેલની ઉપસ્થિતિમાં વર્ચ્યુઅલ માધ્યમથી દીપાવલીની ઉજવણી



સુરતઃ ગુજરાતમાં સૌ પ્રથમ વખત ઓલપાડ તાલુકાના ૧૦૮ ગામોના હળપતિ, આદિજાતિના ૫૦૦૦થી વધુ બાળકો સાથે વર્ચ્યુઅલ માધ્યમથી વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં દીપાવલીની ઉજવણી કરવામાં આવી હતી. ઓલપાડના સરોલી ગામે આયોજીત કાર્યક્રમમાં સોશિયલ મીડિયાના માધ્યમથી LIVE એક સાથે ૧૦૮ ગામના બાળકો સાથે વર્ચ્યુઅલ ઉપસ્થિત રહીને દીપાવલીની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. મંત્રી મુકેશભાઈ પટેલે સૌને દીપાવલીની શુભકામના પાઠવી હતી.

# ફટાકડાનો દારૂગોળો કાઢી સળગાવવા જતા ત્રણ બાળકો દાઝ્યા

**બાળકો** દિવાળી મનાવવા બિહારથી સુરત આવ્યા હતા

સુરતઃ બિહારથી સુરત દિવાળી મનાવવા આવેલા ત્રણ બાળકો ફટાકડા ફોડતી વખતે દાઝી ગયા હતા. બાળકો ફટાકડાનો દારૂ કાઢીને સળગાવવા જતા ઘટના બની હતી.

મૂળ બિહારના વતની વસંત પાસવાન હાલ પાંડેસરામાં લક્ષ્મીનગરમાં રહે છે. તેઓ કલરટેક્સ કંપનીમાં નોકરી કરીને વતનમાં રહેતા પરિવારજનોનું ભરણપોષણ કરે છે. પરિવારમાં પત્ની ઉપરાંત બે સંતાન છે. જેમાં 10 વર્ષીય પુત્ર અંકુર અને પુત્રી 12 વર્ષીય સુમિતી છે. વસંત પાસવાનની પત્ની અને તેના બંને સંતાનો તથા પડોસમાં રહેતા સંજય ચૌધરીનો દિકરો શનિ બિહારથી સુરત દિવાળી મનાવવા માટે આવ્યા હતા. મંગળવારે રાત્રે અંકુર, સુમિતિ અને શનિ ત્રણેય બાળકો ઘરની બહાર ફટાકડા ફોડતા હતા. તે સમયે બાળકો ફટાકડામાંથી દારૂગોળો કાઢીને એક કાગળ પર જમા કરીને તેને સળગાવતા હતા. તે સમયે દારૂગોળામાં અચાનક આગ લાગી જતાં ત્રણેય બાળકો દાઝી ગયા હતા. પરિવારજનો ત્રણેય બાળકોને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. ત્રણેય બાળકો હોસ્પિટલમાં દાખલ છે.

**અનુસંધાન... પાના છેલ્લાનું**

### SGSTના દરોડામાં...

ભાગળ, પાર્લેપોઈન્ટ અને ઘોડદોડ રોડ સહિત 7 મળી કુલ 15 સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા. બિન હિસાબી સ્ટોક, રોકડ વ્યવહાર અને ઈનવોઇસ વિના સોનાંનાં વેચાણને લગતી એન્ટ્રીઓનાં આધારે મોટા પાયે આગામી દિવસોમાં ટેક્સ ચોરી બહાર આવી શકે છે. ધનતેરસના શુભ દિવસે SGST વિભાગે દરોડા પાડતાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને આવકવેરા વિભાગ પણ તપાસ પૂર્ણ થયા પછી આ મામલામાં એન્ટ્રી કરે એવી શક્યતા છે. SGST વિભાગ જપ્ત કરેલા ડોક્યુમેન્ટનું વેરીફીકેશન કર્યા પછી દંડ અને પેનલ્ટી વસુલાતની કામગીરી શરૂ કરશે. દિવાળીની સીઝનમાં દશેરા, પુષ્ય નક્ષત્ર અને ધન તેરસના વેપાર દરમિયાન ઘરાકી વચ્ચે સ્ટોકમાં ઘાલમેલ કરવામાં આવી હોવાની આશંકા વિભાગને છે. જો કે ધનતેરસનાં દિવસે સર્ચ ઓપરેશન જે રીતે થયું એ રીતે રોકડ રકમ નહીં મળતા ઉચ્ચ અધિકારીઓ સંતુષ્ટ થયા નથી. સૂત્રોના જણાવ્યા મુજબ 15 સ્થળની તપાસમાં કુલ 12થી 14 કરોડનું જ ટર્નઓવર શંકાસ્પદ જણાયું છે. ગોલ્ડ વેચાણ પર 3 ટકા અને મેકિંગ ચાર્જ પર 18 ટકા જીએસટી રેટ લાગુ પડે છે.

### મોટી કિંમતનો બિનહિસાબી સ્ટોક અને રોકડ, શ્રમ શુલ્કના છુપાયેલા વ્યવહારો અને ઇનવોઇસ વિના વેચાણનાં ડોક્યુમેન્ટ જપ્ત

SGST એન્ફોર્સમેન્ટનાં સૂત્રોના જણાવ્યા મુજબ ઓપરેશન દરમિયાન શોધી કાઢવામાં આવેલી ગેરરીતિઓમાં મોટી કિંમતનો બિનહિસાબી સ્ટોક અને રોકડ, શ્રમ શુલ્કના છુપાયેલા વ્યવહારો અને ઇન્વોઇસ વિના વેચાણનો સમાવેશ થાય છે. આ 15 કરદાતામાં અત્યાર સુધીમાં મળી આવેલી કરચોરીનું પ્રમાણ લગભગ રૂપિયા 2.70 કરોડ છે. કાયદા મુજબ આગળની જરૂરી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, જેમાં પાછલા વર્ષોમાં ફાઇલ કરાયેલા રિટર્નની વિગતવાર ચકાસણી કર્યા પછી સમન્સ પાઠવી જ્વેલર્સ અને બુલિયન વિક્રેતાઓને ખુલાસો માંગવામાં આવશે.

### સુરતમાં જ્વેલર્સ સ્ટોક ચોપડે ન દર્શાવી બિલ વિના કેટલાક માલની ડિલિવરી કરતા હોવાનું બહાર આવ્યું

SGST એન્ફોર્સમેન્ટની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, સુરતના કેટલાંક જ્વેલર્સ સ્ટોક ચોપડે નહીં દર્શાવી બિલ વિના કેટલાક માલની ડિલિવરી કરતા હોવાની નોંધ સામે આવી છે. સ્ટોક ચોપડે જેટલો નોંધાયેલો હોય એથી વધુ સ્ટોક બે ત્રણ સ્થળે મળી આવ્યો છે. એ અંગે નોટિસ પાઠવી ખુલાસો માંગવામાં આવશે. કેટલાક સોદામાં માલ ચોપડે નોંધેલો હોય પણ હાજર સ્ટોકમાં મળ્યો નથી. મેકિંગ ચાર્જિસનાં બિલમાં ફ્રીની સ્કીમ દર્શાવી 18 ટકા ટેક્સ વસૂલવામાં આવ્યો છે. સુરતના 7 મામલામાં સીજીએસટી અને આવકવેરાની DGGI વિંગે પણ માહિતી મેળવી છે.

### આજે પ્રકાશપર્વ...

રહી છે. છેલ્લા એક અઠવાડીયાથી શહેરમાં રોજ રાત્રે મોડે સુધી ફટાકડાની આતશબાજીથી શહેરનું આકાશ રંગીન બની રહ્યું છે. ત્યારે આખરે દિવાળી પર્વ આવી પહોંચતા લોકો મીઠાઈઓ ખવડાવી, પુજન-અર્ચન કરવા સાથે, આતશબાજી અને રંગોળીથી દિવાળીના પર્વને વધાવવા ઉત્સાહી છે.

જો કે આ વખતે અમાસની તિથિ ગુરુવારે સાંજે 4 વાગ્યા પછી શરૂ થશે અને 1નવેમ્બરની સાંજ સુધી ચાલશે. આ કારણોસર, દેશના મોટાભાગના સ્થળોએ દિવાળી 31મી ઓક્ટોબરે ઉજવવામાં આવશે. આ દિવસે ઘણાં એવા યોગ પણ બની રહ્યા છે, જે લક્ષ્મીજીની પૂજા અને નવા કાર્યોની શરૂઆત કરવા માટે શુભ રહેશે. જાણકાર પંડિતોનું માનવું છે કે, દિવાળીની સાંજે 4 રાજયોગ બનશે, જે ખૂબ જ સમૃદ્ધિ આપશે. શશી, કુળદીપક, શંખ અને લક્ષ્મી એમ ચાર યોગની રચના સાથે આ મહાપર્વના શુભ પરિણામોમાં વધારો થશે. આ વર્ષે દિવાળીની તારીખને લઈને કેલેન્ડરમાં પણ ખૂબ જ મતભેદ છે. કેટલાક પંચાંગોમાં 1લી નવેમ્બરે દિવાળીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરંતુ દેશભરના મોટાભાગના પંચાંગકારો અને જ્યોતિષીઓ 31મી ઓક્ટોબરે દિવાળી ઉજવવાની સલાહ આપી રહ્યા છે. 31મી ઓક્ટોબરની રાત્રે કારતક માસની અમાસ હશે અને દિવાળીની રાત્રે લક્ષ્મીજીની પૂજા કરવાની પરંપરા છે. મહાલક્ષ્મીની પૂજામાં માળા, ફૂલ, મીઠાઈ, અગરબત્તી, કંકુ, ગુલાલ, અબીલ, ચંદન અને અન્ય કેટલીક વિશેષ વસ્તુઓ રાખવાની પરંપરા છે.

### આ વખતે દિવાળીના દિવસે 4 રાજયોગનો સંગમ

આ વર્ષની દિવાળીની સાંજે 4 રાજયોગ બનવા જઈ રહ્યા છે, જે ખૂબ શુભ સમૃદ્ધિ આપશે. શશી, કુળદીપક, શંખ અને લક્ષ્મી એમ ચાર યોગની રચના સાથે આ મહાપર્વના શુભ પરિણામોમાં વધારો થશે, લોકોના જીવનમાં નવા વર્ષમાં સુખાકારીનો વધારો થશે.

**2જી નવેમ્બર નવા વર્ષના શુભ ચોઘડિયા**

સવારે 08.09 થી 09.34 સુધી શુભ
12.23 થી 13.47 સુધી ચલ
13.47 થી 15.11 વાગ્યા સુધી લાભ
15.11 થી 16.34 સુધી અમૃત
18.00 થી 19.36 શુભ
21.12 થી 22.47 સુધી શુભ

**લક્ષ્મી પૂજાનો શુભ સમય ગૃહસ્થો માટે**

સાંજે 5.00 થી 6.30
સાંજે 5.37 થી 7.00 કલાકે
સાંજે 7.15 થી 8.45 સુધી

**વિદ્યાર્થીઓ માટે**

સાંજે 6.48 થી 8.48 સુધી

**વેપારીઓ માટે**

સાંજે 7.15 થી 8.45 સુધી
બપોરે 1.15 થી 3.37 કલાકે


